અપીલ અરજી નં.૪૪/૦૮–૦૯ તા. ૩૧–૫–૦૮

અરજદારઃ શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહ
સામાવાળાઃ ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી

## *હુકમઃ–*

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહની તા.૨૨–૧–૦૮ ની અરજીથી મહાનગર પાલિકા વિસ્તારમાં સંસ્થાઓ ધ્વારા ચલાવવામાં આવતાં આર્યુવેદિક ,વિલાયતી /પાશ્ચાત્ય/ એલોપેથી, યુનાની પધ્ધતિ, કુદરતી સારવાર વિગેરેના કેટલા દવાખાના છે તેમજ માંસ/માછલી, ઈંડાની દુકાનોની સંખ્યા, પરવાનગી બાબત, કાયદાની જોગવાઈઓ બાબત, તેની ફાળવણી બાબત, પાંજરાપોળ ની વિગત, તેના કાયદા અને જવાબદારી, કતલખાનાની પરવાનગી,તથા બંધ રાખવામાં આવતા દિવસો, ઉલ્લંઘન સબબ કાર્યવાહી ભુંડોનીકતલ કતલખાના અંગે ભારત સરકારના નિયમો, રખડતાં ,કરડતાં અને હડકાયા કુતરાઓ અંગેની કાર્યવાહી તથા મહાનગરપાલિકા ધ્વારા આ સંબંધે સત્તા અને ઉપયોગ વિગેરે બાબતેની માહિતી આપવા બાબત.

સંદર્ભેઃ–(૧) અરજદાર મજકુરની તા.૩૧–૦૫–૦૮ નો પત્ર
(૨) અરજદાર મજકુરની તા.૨૩–૦૬–૦૮ નો પત્ર

શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહની તા.૨૨–૧–૦૮ ની અરજીથી મહાનગર પાલિકા વિસ્તારમાં સંસ્થાઓ ધ્વારા ચલાવવામાં આવતાં આર્યુવેદિક,વિલાયતી/પાશ્ચાત્ય/એલોપેથી,યુનાની પધ્ધતિ, કુદરતી સારવાર વિગેરેના કેટલા દવાખાના છે તેમજ માંસ/માછલી, ઈંડાની દુકાનોની સંખ્યા, પરવાનગી બાબત, કાયદાની જોગવાઈઓ બાબત, તેની ફાળવણી બાબત, પાંજરાપોળની વિગત, તેના કાયદા અને જવાબદારી, કતલખાનાની પરવાનગી,તથા બંધ રાખવામાં આવતા દિવસો, તેના ઉલ્લંઘન સબબ કાર્યવાહી ભુંડોની કતલ કતલખાના અંગે ભારત સરકારના નિયમો, રખડતાં ,કરડતાં અને હડકાયા કુતરાઓ અંગેની કાર્યવાહી તથા મહાનગરપાલિકા ધ્વારા આ સંબંધે સત્તા અને ઉપયોગ વિગેરે બાબતેની માહિતી આપવા બાબતે અરજીની નિયત સમય અવધિ પુર્ણ થયા બાદ પણ માહિતી નહી મળતાં તેમનો તા.૩૧–૫–૦૮ ના રોજ જાહેર માહિતી અધિકારીને સંબોધીને અંતરદેશી પત્ર અત્રેના વિભાગને મળેલ જેના અનુસંધાને અરજદારને નં.આરટીઆઈ સેલ/૧૮૭ તા.૪–૬–૦૮ ના રોજ અપીલ બાબતે પૂરી વિગતો મોકલવા પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને તેમના ૨૩–૬–૦૮ ના પત્રથી મુળ અરજીની નકલ મોકલી આપેલ.

ઉપરોકત વિષયના અનુસંધાને પત્ર નં.આરટીઆઈ સેલ/૧૮૭ તા.૪–૬–૦૮ થી અપીલ અંગે મુળ અરજીની નકલ સહ નિકાલના વિલંબની સ્પષ્ટતા સહિત પૂરક વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મંગાવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.પીએચડી/માર્કેટ/૪૪૨ તા.૮–૭–૮ થી મોકલેલ માહિતી સાથે તેમના પત્ર નં.૩૧૬ તા.૨૬–૬–૦૮ તેમજ પત્ર નં.૪૩૭ ના તા.૮–૭–૮ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલો મોકલાવેલ છે. જે ધ્યાને લેતાં અરજદારની અરજીના મુદ્દા નં.૩ (આ) તેમજ ૩ (ઉ) અનુક્રમે આયુર્વેદિક, એલોપેથી, યુનાની પધ્ધતિના દવાખાના તેમજ જાહેર સંસ્થા ધ્વારા સંચાલિત પાંજરાપોળો અંગે કાયદાના પાલનની જવાબદારી અંગે કોઈ માહિતી પૂરી પાડેલ જણાતું નથી. અત્રે લાગુ પડતું નથી તેવું જણાવેલ છે. સાથે આ બાબતો અન્ય જાહેર સત્તામંડળને કે જાહેર માહિતી અધિકારીને તબદીલીની કોઈ વિગતો સામેલ નથી.તેમજ મુદ્દા નં.૩ (ઘ),ચ,જ,ડ બાબતે અનુક્રમે માંસ–માછલી ઈંડાના ગેરકાયદેસર વેચાણ ઉત્પાદન કતલખાનાના અવશેષો વેસ્ટના નિકાલ તેમજ સરકારશ્રીના તા.૧–૧૧–૦૬ ના પત્ર બાબતે થયેલી કાર્યવાહી અંગેની હકીકતલક્ષી આંકડાકીય વિગતો પૂરી પાડેલ જણાતી નથી તથા મુદ્દા નં.૩ (૨) હેઠળ માંગેલ નકલો પૂરી પાડેલ જણાતી નથી.

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૨–૧–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી ઉકત નિર્દિષ્ટ નહીં પૂરી પાડેલ માહિતી આરટીઆઈ કાયદાની કલમ–૭ (૬) સાથે આનુષાંગિક જોગવાઈ હેઠળ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે."

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૭ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
*અને એપેલેટ ઓફિસર*
*સુરત મહાનગર પાલિકા*

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી હસમુખભાઈ શાંતિલાલ શાહ,